મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૭ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં ઓનલાઈન શાકભાજીનો ટ્રેન્ડ વધ્યો

## શાકમાર્કેટની ભીડ સામે માર્ટ અને ઓનલાઈન ખરીદી સરળ : નગરજનો

ગાંધીનગર, તા.૨૨

નગરજનો કોરોનાને કારણે ઘરની બહાર જવા સાથે બહાની ચીજવસ્તુઓ ખરદવા માટે પણ પુરતી તકેદારી રાખી રહ્યા છે. તેમાં પણ કોરોનાકાળ દરમિયાન બહાર આવેલી અફવા મુજબ શાકભાજીથી કોરોના ફેલાતો હોવાથી નગરજનો રૂબરૂ શાકભાજી ખરીદવાનું ટાળતા હતા ત્યારે નગરમાં અનેક જગ્યાએ ઓનલાઈન વેજીટેબલ શોપીંગ તથા અબ્રોડ સ્ટાઈલ વેજીટેબલ માર્ટ ખુલ્યા છે. કે જયાં જાતે જ શાકભાજી લઈ વજન કાંટા પર મુકી નોટ વજન કમ્પ્યુટરમાં આવી જાય તેટલી જ કિંમત ચુકવવી પડે. જેટલી વસ્તુ લીધી હોય તે મુજબ ના એક ગ્રામ વધુ ના ઓછું શાકભાજી આવે. આ સરળ રસ્તાને કારણે નગરજનો ઘરે બેઠા તમામ શાકભાજી મેળવી શકે છે. આમ પણ ભીડમાંથી શાક ખરીદવું તેના કરતા માર્ટમાંથી કે ઓનલાઈન ખરીદવું હવે સરળ છે તેમ નગરજનોને કહેવું છે.



નગરજનો કોરોનાને લઈને દિવસેને દિવસે વધુ સતર્ક બનતા જઈ રહ્યા છે. બને તેટલી ઓનલાઈન ચીજવસ્તુ ખરીદવાનો આગ્રહ તેઓ રાખે છે ત્યારે શાકભાજી એવી વસ્તુ છે કે જે ગૃહિણીઓ ભાવતોલ કરીને પુરું જોખાવીને જ નાના વેપારી પાસેથી લેતી હોય છે, પરંતુ કોરોનામાં આ તમામ બાબત ઉપર કાપ આવી ગયો છે અને ઓનલાઈન શાકભાજી અથવા તો શાકભાજી માર્ટ પરથી જ શાક ખરીદવાનું ચલણ વધ્યું છે. શાકભાજી જોખવાની જંજટ કરતા ઓનલાઈન કે શાકભાજી માર્ટ પર ખરદીવા તરફ નગરજનો આકર્ષાઈ રહ્યા છે કારણકે માર્ટમાં શાકભાજીની ગોઠવણી અળગ અલગ બકેટમાં છુટી છવાઈ કરી હોય છે ઉપરાંત ત્યાં ભીડનો કે ગરમીનો સામનો નથી કરવો પડતો અને ઓછમાં ઓછું શાકભાજી પણ જો ખરીદવામાં આવે તો પણ નેટ વજન સાથે શાકભાજી મળી રહે છે.

આ ઉપરાંત ઓનલાઈન શાકભાજીના વેપારીઓએ પણ પોતપોતાની એક એપ્લીકેશન બનાવી છે જેમાં સાઈનઈન કરીને વ્યકિત શાકભાજીના ફોટા સાથે ભાવ જોઈ શકે છે અને અઢીસો ગ્રામ, પાંચસો ગ્રામ અને ૧ કિલોના ઓપ્શન સિલેક્ટ કરી શકાય છે અને મીનીમમ શાકભાજીની ખરીદી પર ફ્રી હોમ ડિલીવરી પણ થઈ રહી છે. આ શાકબાજીના ભાવમાં બહારના ભાવ કરતા ફર્ક નથી હોતો અને અમુક વેપારીઓ ઓનલાઈન સ્કીમ સાથે ડિસ્કાઉન્ટ પણ રાખતા હોય છે જેને કારણે ગ્રાહક આકર્ષાય છે. આમ નગરમાં હવે ઓનલાઈન તથા શાકભાજી માર્ટમાંથી શાકભાજી ખરીદવાનું ચલણ વધ્યું છે.

# ગાંધીનગરના માઈક્રો શોપીંગમાં માલિકી હક આપવા માંગ

## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સેકટર-૨૮ના વેપારીઓ સાથે યોજાયેલી બેઠકમાં રજૂઆત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની એક બેઠક સેકટર-૨૮ના બગીચા પાસે આવેલા માઈક્રો શોપીંગ સેન્ટર તથા લારી-ગલ્લાનાં વેપારીઓ સાથે મળી યોજાઈ હતી. આ બેઠકમાં આ વર્ષો જુના લારી ગલ્લાની જગ્યાએ માઈક્રો શોપીંગ બનાવવાની માંગણી સરકારમાં સ્વીકારાઈ હોવાં છતાં માઈક્રો શોપીંગની ફાળવણી થતી નહી હોવા સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.



આ બેઠકમાં સરકારમાં રજૂઆત માટે બ્રહ્મસમાજનાં પ્રમુખ નરેશભાઈ દવેની આગેવાની હેઠળ વેપારીઓ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સેક્ટર-૨૮ માઈક્રો શોપીંગના વેપારીઓ માસિક ભાડું ભરતા હોવા છતાં મહાનગર પાલિકા દ્વારા સુવિધાઓ મળતી નહી હોવાનું જણાવ્યું હતું. ગાંધીનગર શહેરના તમામ માઈક્રો શોપીંગને કાયદેસર કરી માલિકી હક આપવા પણ માંગણી કરવામાં આવી હતી. આ તમામ પ્રશ્નો સાંભળી સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં વિક્રમસિંહ ખાચર, કે. પી. સોલંકી, જયેશભાઈ આગજા, સી. કે. સોની, હિમાંશુભાઈ ભચેચ, અશ્વિનભાઈ રાઠોડ, લાલભાઈ પટેલ, અશ્વિનભાઈ દવે તથા વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# આવતીકાલથી સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓનું આંદોલન

ગાંધીનગર, તા.૨૨

મધ્યાહ્ન ભોજનમાં કામ કરતા કર્મચારીઓ છેલ્લા ૩૫ વર્ષથી સરકારના નિતીનિયમો મુજબ કાર્ય કરે છે. તેઓની સરકાર પાસે માંગ છે કે તેમને પગાર ધોરણ/લઘુત્તમ ધોરણ આપી કાયમી કરવામાં આવે. જો તેઓને તેમનો હક્ક આપવામાં નહી આવે તો તેઓ નગરના સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે અન્ન,જળનો ત્યાગ કરી અચોકકસ મુદતનુ આંદોલન ગુજરાત રાજય મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી મહામંડળ પ્રમુખ ચંદનસિંહ કે. વાઘેલા કરશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા, મંત્રી રૂપાભાઈ બારિયા તથા સમગ્ર હોદ્દેદારો અને કારોબારી સભ્યો જણાવે છે કે મધ્યાહન ભોજનમાં કામ કરતા સંચાલક, રસોઈયા અને મદદનીશો જેવા કર્મચારીઓ છેલ્લા ૩૫ વર્ષથી આજ દિન સુધી સામાન્ય વેતન દરમાં નોકરી કરે છે જે વેતન દરમાં કુટુંબનું ભરણપોષણ કરવું કઠિન છે. પગાર ધોરણ લઘુત્તમ ધોરણ આપી કાયમી કરવા માટે નામદાર ગુજરાત રાજય મહામંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ પંચાલ પાછલા ૨૦ વર્ષથી અનાજ ખાતા નથી અને પ્રવાહી પર રહે છે હાલમાં તબિયત નાજુક હોવા છતાં તે અન્ન જળના ત્યાગ સાથે ઉપવાસ આંદોલન પર બેસશે. આ ઉપરાંત રાજય મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા પણ અન્ન જળનો ત્યાગ કરીને તા.૨૪ સપ્ટેમ્બરથી સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે અચોકકસ મુદતનું આંદોલન શરુ કરશે.

આ ઉપરાંત સંસ્થાના હોદ્દેદારો જણાવે છે કે જો પોલીસ દ્વારા અમારી અટકાયત કરવામાં આવશે તો અમે જેલમાં પણ અન્ન, જળના ત્યાગનું આંદોલન ચાલુ રાખીશું અને છેલ્લા શ્વાસ સુધી ન્યાય મેળવવા લડીશું. આ આંદોલનમાં સમર્થક તરીકે અસંખ્ય કર્મચારી ભાઈ બહેનો સોશિયલ ડીસ્ટન્સિંગનું પાલન કરી જોડાશે. જો આ કર્મચારીઓને પોલીસ દ્વારા અટકાવાશે તો તે જ જગ્યાએ ઉપવાસ આંદોલન શરુ કરવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ તથા કારોબારી સભ્યો દ્વારા જણાવાયું છે.

# ભાઈ મારે વ્યવસ્થા થઈ ગઈ છે, આ કીટ તમે બીજા કોઈને આપજો ને...!!!

ગાંધીનગર, તા.૨૨

'અરે સાંભળો, આવા કપરાં કાળમાં તમે અમારા જેવા મધ્યમવર્ગ જે જાહેરમાં કોઈની સામે હાથ લાંબો કરી શકે તેમ નથી પરંતુ અમારા કામ-ધંધા ચોપટ થઈ ગયાં હોવાથી ઘરમાં પરિવારને નિભાવવા શું કરવું તેનો ઉપાય સુઝતો નથીને માથે મહામારીના સંક્રમણનું જોખમ છે ત્યારે તમે અમને અનાજ-કરિયાણાની આ કીટ આપવા આવ્યા છો તે માટે આપનો આભાર માનીએ તેટલો ઓછો છે, પરંતુ મારી એક નમ્ર અરજ છે, મારે અનાજ-કરિયાણાની જરૂર હતી એટલે મેં કહેવડાવ્યું હતું પરંતુ તમે આવો તે પહેલાં અન્ય એક સેવાભાવી ઓળખીતાએ અમને મહિનો ચાલે તેટલી અનાજ-કરિયાણાની મદદ પુરી પાડી છે, માટે આ કીટ તમે કોઈ અમારા જેવા બીજા પરીવારને પહોંચાડશો તો સારું, હાલ મારે આની જરૂર નથી.' કોરોના લોકડાઉનમાં જેનો કામ ધંધો સાવ બંધ હતો તેવા એક નિમ્ન મધ્યમવર્ગીય પરિવારના મોભીની આવી વાત સાંભળીને તેમને અનાજ-કરિયાણાની કીટ પહોંચાડવા ગયેલા એક સ્વૈચ્છિક સંસ્થાના સ્વયંસેવકને ઘણું આશ્ચર્ય થયું તે સાથે આવી કપરી પરિસ્થિતિમાં પણ પોતાની પ્રમાણિકતા દાખવતા મધ્યમવર્ગીય જરૂરિયાતમંદની વાત સાંભળીને ગદગદ થઈ ગયેલા તે સ્વયંસેવકે નામ જાહેર નહી કરવાની શરતે આ ઘટના કહી હતી.

ભલે કોરોના ગમે તેટલો કાળમુખો બન્યો હોય તેમ છતાં સાચા માનવીએ હજુ તેની માનવતા છોડી નથી તેવી બીજી એક ઘટના શહેરના એક તબીબે જણાવી હતી. તેમણે કહ્યું હતું કે કોવિડ-૧૯ પોઝિટિવ રિપોર્ટ ધરાવતા એક મહિલા દર્દીની સારવાર માટે તેની નિકટ ગયેલા મેડિકલ સ્ટાફને પેલી મહિલાએ પુછયું કે, 'સાહેબ, તમે તમારી પીપીઈ કીટ બરાબર તો પહેરી છે ને, કેમ કે હું તો પોઝિટિવ થઈ ગઈ જ છું પરંતુ તમને મારો ચેપના લાગે તે જરુરી છે.' આવી વધુ એક ઘટના કોરોના વોરિયર્સ સમા પોલીસ જવાને કહી છે જેમાં સંપૂર્ણ લોકડાઉન દરમિયાન તેમને દરરોજ સવારે ફરજના સ્થળે એક સેવાભાવી ગ્રુપના સ્વયંસેવકો ચા-કોફી પીવડાવવા આવતા હતા પરંતુ એકવાર બપોરના સમયે કામકાજથી કંટાળીને જયારે ચા પીવાની ઈચ્છા થઈ ત્યારે આખા શહેરમાં કયાંય ચાની કીટલી તો ચાલુ હતી નહીં. તેથી શું કરવું તે સુઝતું નહોતું. આ સમયે પેલા સવારવાળા ભાઈ યાદ આવ્યા જેમનો અમસ્તા જ મોબાઈલ નંબર લીધો હતો. ઘણો વિચાર કર્યા પછી તેમને ફોન કરીને પુછવાની હિંમત કરી કે 'શું તમે અત્યારે ચા લઈને આવી શકો?' આટલું સાંભળતા જ પેલા ભાઈએ કહ્યું, 'અરે, કેમ નહીં સાહેબ?' હાલ જ આવું છું. અને થોડીવારમાં તેઓ સાચે જ ગરમાગરમ ચા લઈને આવી પહોંચ્યા હતા ત્યારે ખરેખર મનોમન તેમને સલામ ભરી હતી.

## કોરોના 'પોઝિટિવ'...!!!

### કપરાં કોરોના કાળમાં શું આપને કોઈ 'પોઝિટિવ' અનુભવ થયો છે?

કોરોના વાયરસ મહામારીના કપરાકાળમાં લોકડાઉનથી માંડીને અત્યાર સુધીમાં 'પોઝિટિવ' રિપોટર્સની સંખ્યા વધી છે. પરંતુ ચારે તરફ 'નેગેટિવિટી'માં તેના કરતાં પણ વધુ વધારો થયો છે. જો કે આ કપરા સમયમાં સેવાની સરવાણી વહેવા સાથે અનેક પ્રકારના નાના-મોટા કિસ્સા એવા પણ સર્જાયા છે જેમાં માનવીએ હજુ સુધી પ્રમાણિકતા છોડી નથી કે સમાજમાં માનવતા મરી પરવારી નથી તેવું પ્રતિત થાય. જો આપને પણ આવો કોઈ અનુભવ થયો હોય તો તે અમને વધુમાં વધુ ૧૦૦ શબ્દોમાં લખીને **gandhinagarsamachar@gmail. com** પર ઈમેલ કરવા આમંત્રણ છે. હા, આપનો કિસ્સો કયાંય પ્રકાશિત થયેલો ના હોવો જોઈએ. આપનો અનુભવ પ્રકાશિત કરવો કે ન કરવો તે અંગે 'ગાંધીનગર સમાચાર'નો અબાધિત અધિકાર રહેશે.




સેકટર-૧૧માં રામકથા મેદાન નજીકથી પસાર થઈએ એટલે માથુ ફાડી નાંખે તેવી દુર્ગંધનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિ આજકાલની નથી. મહિનાઓથી જ આ જ પ્રકારની સ્થિતિ અહીં જોવા મળી રહી છે. કારણ કે ઉભરાતી ગટરોનું પાણી આખો દિવસ રસ્તાઓ પર વહે છે. આ સમસ્યા અંગે વેપારીઓએ અનેકવાર રજુઆત કરી હોવા છતાં આ પ્રશ્નનો ઉકેલ આવતો નથી. સતત વહેતા પાણીના કારણે અહીંના રસ્તાઓ પણ એકદમ ખરાબ થઈ ગયા છે.


# સવારે ઘરેથી નીકળેલો સગીર સાંજે પરત ફરતા પરિવારને હાશકારો

## હું કંઈક બનવા જઈ રહ્યો છું, લખાણ લખીને નીકળી ગયેલો સગીર સાંજે ઘરે પરત ફર્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર નજીક આવેલા એક ગ્રામ્ય વિસ્તારમાંથી એક સગીર કોઈને કંઈ પણ કહ્યા વિના ઘરેથી અચાનક નીકળી પડ્યો હતો. સગીર ઘરેથી જતા પરિવારના સભ્યો અને પોલીસ તંત્ર શોધખોળમાં લાગી ગયા હતા. સવારના સમયે હું અહીં કંઈ નઈ કરી શકું, હું કંઈક બનવા જઈ રહ્યો છું, લખાણ લખીને નીકળી ગયેલો સગીર સાંજે ઘરે પરત ફર્યો હતો. પરંતુ સવારના ૬ વાગ્યાથી ગાયબ થયેલ સગીર મોડસાંજ સુધી ઘરે આવ્યો નહી ત્યાં સુધી પરિવારના સભ્યોનો જીવ તાળવે ચોંટી ગયો હતો.

બનાવની મળતી વિગત મુજબ પાટનગરને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા બીએસએફ જવાનનું રાજય બહાર પોસ્ટીંગ છે. ત્યારે જવાનની પત્ની ૩ બાળકો સાથે અહી વસવાટ કરે છે. જેમાં સૌથી નાની વયના દિકરો ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે. રવિવારના રોજ રાત્રીના સમયે પરિવારના સભ્યો ઉંઘમાં હતા ત્યારે સગીર હાજર હતો. પરંતુ સોમવારના રોજ સવારે ૬ વાગે માતા ઉઠ્યા હતા અને રૂમમાં જોયુ તો તે ઘરે ન હતો. જેને પગલે ગભરાઈ ગયેલા મહિલાએ પોતાના મોટા દિકરા સાથે મળીને સોસાયટી વિસ્તાર, તેમજ સગા સ્નેહીજનો ને ત્યાં તપાસ કરી હતી. પરંતુ દિકરાની કોઈ ભાળ મળી ન હતી. માતાએ દિકરાના અભ્યાસના કેટલાક ચોપડામાં તપાસ કરતા અંદરથી એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં ઘરે રહીને કંઈ કરી નહીં શકું, હું કંઈક બનવા જઈ રહ્યો છું જેવા શબ્દો લખાયા હતા. જેને પગલે પરિવારના સભ્યો ચિંતિત નજરે પડતા હતા. બનાવ અંગે મહિલાએ પોલીસ મથકે જાણ કરી દીધી હતી. જેથી પોલીસે અજાણ્યા શખ્સ સામે દિકરાને લલચાવી ફોસલાવીને વાલીપણામાંથી અપહરણ કર્યાનો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. પરંતુ સાંજના સુમારે સગીર અચાનક સામેથી ઘરે પરત ફર્યો હતો. જેમાં તે ચિલોડા બાજુ પહોંચ્યો હતો. ત્યાર પછી તેને ક્યાં જવુ અને ક્યાં રહેવુ તે પ્રશ્ન સતાવતા તે ઘરે પરત ફર્યો હોવાનું કહેવામાં આવી રહ્યું છે.



ટીવી અને મોબાઈલના યુગમાં હવે પુસ્તકોનું ચલણ ઓછું થયું છે. નવી પેઢી ભલે પુસ્તકોથી દુર રહેતી હોય પરંતુ પુસ્તકોનું વાચન હજુ કેટલાકની નિયમિત ટેવ છે. વાંચન રસિયાઓને સારું સાહિત્ય વાંચવા મળે તે માટે વોર્ડ નં. ૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ દ્વારા દર મહિને નિયમિત રીતે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે.




મુકિતધામ ખાતે ઉપયોગમાં લઈ શકાય તેવી ટ્રોલીનું દાન આપવામાં આવ્યું છે. માલવીકાબેન તલાટી અને અંબાલાલ વણકરે આ ટ્રોલીનું દાન કર્યું હતું.

## દુઃખદ અવસાન

સેકટર-૩-સી, પલોટ નં. ૬૯૦/૨ ખાતે રહેતા ૭૧ વર્ષીય જયાબેન હરીશભાઈ રાવલનું દુઃખદ અવસાન થયું છે.

## ચિરવિદાય

- સ્વ. પાબુદેવી સોગસિંગ પુરોહિત, ઉ.વ. ૮૫, હાલીસા, તા. દહેગામ
- સ્વ. યશપાલસિંહ ભુપતસિંહ બિહોલા, ઉ.વ. ૧૩, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. શાહ નીરૂબેન પ્રવિણચંદ્ર, ઉ.વ. ૬૯, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર પ્રતાપજી મણાજી, ઉ.વ. ૫૭, સજ્જનપુરા, તા. માણસા
- સ્વ. સોમાજી હજુરજી પરમાર, ઉ.વ. ૫૯, તારાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ચંચળબા છત્રસિંહ ચાવડા, ઉ.વ. ૮૦, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. જયાબેન હરિશભાઈ રાવલ, ઉ.વ. ૭૧, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. અંબાલાલ છબીલદાસ સુથાર, ઉ.વ. ૯૦, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. દીનાબેન નરસિંહભાઈ વાઘેલા, ઉ.વ. ૬૧, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. સુરેશરાય દશરથરાય બૈડે, ઉ.વ. ૬૪, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. અંબાલાલ શામજીભાઈ પટેલ, ઉ.વ. ૮૫, મગોડીલાટ, તા. ગાંધીનગર
- સ્વ. રામસિંગભાઈ માલાભાઈ કુવરીયા, સેકટર-૨૮, છાપરાં, ગાંધીનગર

# પાટનગરને ૨૪ કલાક શુધ્ધ પાણી આપવા સંગ્રહ ક્ષમતા વધારો : જાગૃત નાગરિક પરિષદ

## ગાંધીનગરને ૨૪ કલાક શુધ્ધ પાણીની જાહેરાતને પરિષદે આવકારી : આ સાથે ચોમાસામાં ડહોળું પાણી આવવાની સમસ્યા ઉકેલવા શુધ્ધિકરણ અને પરિવહન સાથે સંગ્રહ ક્ષમતા વધારવા સૂચન : ડહોળા પાણી માટે જવાબદારો પર ગુનો નોંધી પગલા લેવા જોઈએ

ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં સરકાર દ્વારા પાટનગરને ૨૪ કલાક પીવાનું શુધ્ધ પાણી આપવાની યોજનાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. સ્માર્ટ સિટી અંતર્ગત કરવામાં આવેલી આ જાહેરાતમાં પાણીના શુધ્ધિકરણ, સંગ્રહ અને પરિવહનની ક્ષમતા સુધારવાની આયોજનાને ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આવકારવામાં આવી છે અને તે સાથે પરિષદ દ્વારા પાણીના શુધ્ધિકરણ, સંગ્રહ અને પરિવહનની ક્ષમતા વધારવા સૂચન કર્યું છે.

દર વર્ષે ચોમાસાના ગાળામાં શહેરમાં પીવાનું પાણી ડહોળું આવવાની ફરિયાદો ઉઠવા પામે છે અને તંત્ર દ્વારા તેના બચાવમાં નદીમાં વધી જતી પાણીની આવકના પ્રવાહમાં માટી તણાઈને આવતી હોવાનું જણાવાય છે. જાગૃત નાગરિક પરિષદ દ્વારા આ પરિસ્થિતિનો કાયમી ઉકેલ શોધવાની દિશામાં ઉપયોગી સૂચનો કરતા જણાવ્યું છે કે શહેરમાં પાણી શુધ્ધિકરણની ક્ષમતા વધારવી જોઈએ અને શુધ્ધિકરણ પ્લાન્ટ પર સિનિયર ઈજનેરોની હાજરી આવશ્યક કરવા સાથે પાટનગરને સતત ૧૫ દિવસ સુધી પાણી પુરું પાડી શકાય તેટલી સંગ્રહ ક્ષમતા વધારવા માટે મોટી કેપેસિટીના વોટર રિઝર્વિયર તૈયાર કરવા સલાહ આપી છે.

આ સાથે પરિષદ દ્વારા ડહોળા પાણી માટે લિકેજના પાઈપો બદલવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાકટરો દ્વારા દાખવવામાં આવતી બેદરકારીને જવાબદાર ઠેરવતા આ પ્રકારના મરામતના કાર્ય સમયે સિનિયર ઈજનેરોની હાજરી અનિવાર્ય બનાવવા સૂચન કર્યું છે. પરિષદે આ સમસ્યા સર્જાય ત્યારે તેને નાગરિકોના જાહેર આરોગ્ય સામે ચેડાં સમાન ગણાવી તેને ગુનો ગણીને તે માટે જવાબદાર અધિકારીઓને સકંજામાં લેવા હિદાયત કરી છે. ડહોળા પાણીના કારણે વસાહતીઓના ઘરની ટાંકીમાં પણ કચરો જમા થાય તે સાફ કરાવવાનો, આરઓ પ્લાન્ટના ફિલ્ટર્સ બદલવા પડે વગેરે ખર્ચા થાય છે તે ધ્યાનમાં રાખીને તે અંગે પગલાં ભરવા જોઈએ.